

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 026
Dt.: 30-11-2025,
Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA  Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### કેન્દ્ર સરકારે લીધો મોટો નિર્ણય

# હવે મેડિકલમાંથી પ્રિસ્ક્રિપ્શન વગર નહીં મળે કફ સિરપ

## મેડિકલ સ્ટોર્સના સંચાલક ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર કફ સિરપ વેચી શકશે નહીં: મધ્ય પ્રદેશમાં બનેલા બનાવને ગંભીરતાથી લઈને કેન્દ્રએ નિર્ણય લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પ્રદેશમાં તાજેતરમાં કફ સિરપ પીવાથી બાળકોના મોતના સમાચાર સામે આવ્યા હતા. આ ઘટનાઓ બાદ મધ્ય પ્રદેશ સાથે સમગ્ર દેશમાં હડકંપ મચી ગયો હતો. હવે આ મામલાને કેન્દ્ર સરકારે અત્યંત ગંભીરતાથી લીધો છે અને આ દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. આ હેઠળ હવે દેશભરના મેડિકલ સ્ટોર્સના સંચાલક ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર કફ સિરપ વેચી શકશે નહીં. સરકારની ટોચની નિયામક ઔષધ પરામર્શ સમિતિએ પોતાની ૬૭મી બેઠકમાં કફ સિરપની અનિયંત્રિત વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે આ નિર્ણય લીધો છે, જેના પછી હવે દેશભરમાં સરળતાથી કફ સિરપ ઉપલબ્ધ નહીં રહે. સરકારનો ઉદ્દેશ્ય એ છે કે લોકો ઓવર ધ કાઉન્ટરની જગ્યાએ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનથી જ દવા લે.

અત્યાર સુધી મોટાભાગે કફ સિરપ ઓવર ધ કાઉન્ટર વેચાતી હતી, એટલે કે કોઈપણ મેડિકલ સ્ટોરે જઈને કહે કે કફ સિરપ આપો એટલે મેડિકલવાળો કફ સિરપ આપી દેતો હતો. પરંતુ કેન્દ્ર સરકારના નવા નિર્ણય પછી હવે તેના પર લગામ લાગી શકશે. સરકારની ટોચની નિયામક ઔષધ પરામર્શ સમિતિએ ૬૭મી બેઠકમાં આ નિર્ણયને મંજૂરી આપી દીધી છે. આ હેઠળ હવે કફ સિરપને તે દવાઓની કેટેગરીમાંથી બહાર કાઢી દેવામાં આવી છે, જેને ઓવર ધ કાઉન્ટર વેચી શકાય છે.

દેશમાં કફ સિરપ પીવાથી તાજેતરમાં બાળકોનાં મોતના અનેક કિસ્સા સામે આવ્યા હતા. બાળકોનાં મોતની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબી પણ ખરડાઈ રહી હતી, જેના પગલે સરકારે આ પગલું ભર્યું છે. સાથે જ સરકારનો પ્રયાસ છે કે લોકો મેડિકલમાંથી સીધી દવા ન ખરીદે અને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનના આધારે જ દવા ખરીદે. આના અનેક ફાયદા છે. એક તો દવાઓના નશા માટેના ઉપયોગ પર રોક લાગશે. બીજી તરફ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર ઘણી વખત લોકો કોઈ જરૂરિયાત વગર જ એન્ટિબાયોટિક્સનો ધડાધડ ઉપયોગ કરે છે. જેના કારણે એન્ટિબાયોટિક્સ અસર નથી કરતી અને શરીરમાં સંક્રમણ ફેલાવનારા બેક્ટેરિયા એન્ટિબાયોટિક દવાઓ પર પ્રતિક્રિયા કરવાનું બંધ કરી દે છે.

રિપોર્ટ મુજબ, થોડા સમય પહેલાં મધ્ય પ્રદેશના છિંદવાડા અને આસપાસના જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૨૪ બાળકોના 'કોલ્ડ્રિફ' સિરપ પીવાથી મોત થયા હતા. સાથે જ રાજસ્થાન અને ગુજરાત સહિત કેટલાક અન્ય રાજ્યોમાંથી પણ આવા જ કેસ સામે આવ્યા હતા. દેશની સાથે વિદેશમાંથી પણ આવા કેસ સામે આવ્યા બાદ દેશની આંતરરાષ્ટ્રીય છબીને નુકસાન વેઠવું પડ્યું હતું. ખાસ કરીને ઉઝ્બેકિસ્તાનમાં ભારતીય કફ સિરપ પીવાથી ૬૮ બાળકોનાં મોતના મામલે ૨૧ લોકોને સજા ફટકારવામાં આવી હતી. તેવી જ રીતે ઈન્ડોનેશિયામાં પણ આવી જ કફ સિરપ પીવાથી ૨૦૨૨ અને ૨૦૨૩ વચ્ચે ૨૦૦થી વધુ બાળકોનાં મોત થયાં હતાં. ગામ્બિયામાં પણ આવા જ કેસ સામે આવ્યા હતા. ત્યાર બાદ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ ભારતમાં બનેલી ત્રણ મિલાવટી દવાઓની ઓળખ કરી હતી. આમાં શ્રીસન ફાર્માસ્યુટિકલ્સની કોલ્ડ્રિફ ઉપરાંત રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સની રેસ્પિફ્રેશ ટીઆર અને શેપ ફાર્માની રિલાઈફ પણ સામેલ હતી.



# મમતા સરકારનો યુ ટર્ન: પ.બંગાળમાં લાગુ થશે નવો વક્ફ કાયદો, અધિકારીઓને આપ્યા નિર્દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

કેન્દ્ર સરકારના નવા વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫નો મહિનાઓ સુધી જાહેરમાં વિરોધ કર્યા બાદ પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે આખરે આ કાયદાને સ્વીકાર કરી લીધો છે.

રાજ્ય સરકારે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને તાત્કાલિક કાર્યવાહી કરીને ૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં રાજ્યની લગભગ ૮૨,૦૦૦ વક્ફ મિલકતોની વિગતો કેન્દ્રીય પોર્ટલ પર અપલોડ કરવાનો આદેશ આપ્યો છે. અહેવાલો અનુસાર, મમતા સરકારનો આ યુ-ટર્ન રાજકીય રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અગાઉ જાહેરમાં જાહેરાત કરી હતી કે તેઓ પશ્ચિમ બંગાળમાં આ નવા કાયદાને લાગુ થવા દેશે નહીં. એપ્રિલમાં જ્યારે સંસદમાં આ બિલ પસાર થયું હતું, ત્યારે રાજ્યમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

તેમણે નવમી એપ્રિલના રોજ જૈન સમુદાયના એક કાર્યક્રમમાં દાવો કર્યો હતો કે, હું બંગાળમાં વક્ફ સુધારા કાયદાને લાગુ થવા દઈશ નહીં... તેમનું રક્ષણ કરવું એ મારી ફરજ છે.

રાજ્ય સરકારે ત્યારબાદ કાયદાકીય લડાઈ પણ લડી હતી, પરંતુ કોર્ટમાંથી તેમને કોઈ અનુકૂળ નિર્ણય મળ્યો નહોતો.

કાયદાની કલમ 3B સ્પષ્ટ આદેશ આપે છે કે બધી નોંધાયેલ વક્ફ મિલકતોની માહિતી છ મહિનાની અંદર કેન્દ્રીય પોર્ટલ પર અપલોડ થવી જોઈએ.

આ સમયમર્યાદા પૂરી થવાના આરે હોવાથી રાજ્ય વહીવટીતંત્રે હવે તાત્કાલિક ડેટા-એન્ટ્રી પ્રક્રિયા શરુ કરવાના પગલાં લીધા છે. વક્ફ સુધારો અધિનિયમ ૨૦૨૫માં કરવામાં આવેલી કેટલીક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ વિવાદનું કેન્દ્ર બની હતી. વક્ફ બોર્ડ અને વક્ફ ટ્રિબ્યુનલમાં બિન-મુસ્લિમ સભ્યોની નિમણૂક કરવી. કોઈપણ મિલકતને વક્ફ તરીકે જાહેર કરવા અંગે સરકારનો અંતિમ નિર્ણય માન્ય ગણવો. આ જોગવાઈઓના કારણે જ પશ્ચિમ બંગાળ સહિત અનેક રાજ્યોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. જો કે, કેન્દ્રના આદેશનું પાલન કરવું રાજ્ય સરકાર માટે ફરજિયાત બનતાં મમતા સરકારે કાયદાનો સ્વીકાર કરવો પડ્યો છે.

### શિવકુમાર સાથે બ્રેકફાસ્ટ બાદ સિદ્ધારમૈયાની ચોખવટ

# અમારી વચ્ચે કોઈ મતભેદ નથી અને ભવિષ્યમાં પણ કોઈ મતભેદ નહીં હોય

## અમારો એજન્ડા ૨૦૨૮ની ચૂંટણી છે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જરૂરી છે: અમે તેમની ચર્ચા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે શનિવારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નિવાસસ્થાને તેમની બ્રેકફાસ્ટ મીટિંગ કરી છે. આ બેઠક એવા સમયે થઈ છે, જ્યારે કોંગ્રેસ હાઈકમાન્ડે બન્ને નેતાઓને રાજ્યમાં ચાલી રહેલા નેતૃત્વ સંકટનો ઉકેલ લાવવા માટે નવી દિલ્હી બોલાવ્યા છે. આ બેઠકને બન્ને નેતાઓ વચ્ચેનો તણાવ ઘટાડવા અને કથિત સત્તા-વહેંચણીના કરાર પર ચર્ચા કરવાની દિશામાં એક પ્રારંભિક પગલું માનવામાં આવી રહ્યું છે, જેના પર ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી પછી સહમતિ બની હતી.



સૂત્રોના જણાવ્યા અનુસાર, હાઈકમાન્ડે પહેલા બન્ને નેતાઓને એકબીજાને મળીને વાતચીત કરવા માટે નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ અંતિમ નિર્ણય દિલ્હીમાં લેવામાં આવશે. આ મુલાકાત દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે અને રાહુલ ગાંધી સાથે યોજાનારી આગામી મહત્વપૂર્ણ વાતચીત પહેલા થઈ રહી છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે બ્રેકફાસ્ટ મીટિંગ બાદ બેંગલુરુમાં એક જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. કર્ણાટકના મુખ્યમંત્રીએ કહ્યું કે, "અમારી વચ્ચે કોઈ મતભેદ નથી અને ભવિષ્યમાં પણ કોઈ મતભેદ નહીં હોય... અમારો એજન્ડા ૨૦૨૮ની ચૂંટણી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જરૂરી છે. અમે તેમની ચર્ચા કરી. અમે ૨૦૨૮ની ચૂંટણીમાં કોંગ્રેસને પાછી લાવવાની પણ ચર્ચા કરી. અમે ચર્ચા કરી કે અમે સાથે મળીને આગળ વધીશું. અમારી વચ્ચે કોઈ મતભેદ નથી અને ભવિષ્યમાં પણ નહીં હોય..." સિદ્ધારમૈયાએ કહ્યું કે, "અમે નક્કી કર્યું છે કે હાઈકમાન્ડ જે કહેશે તે અમે સ્વીકારીશું. કાલથી કોઈ કન્ફ્યુઝન નહીં થાય. અત્યારે પણ કોઈ કન્ફ્યુઝન નથી. કેટલાક મીડિયા રિપોર્ટરોએ કન્ફ્યુઝન ઉભું કર્યું છે." તેમણે કહ્યું કે, "ભાજપ અને જેડીએસને ખોટા આરોપો લગાવવાની આદત છે. ભાજપ અને જેડીએસે કહ્યું છે કે તેઓ નો-કોન્ફિડેન્સ મોશન લાવશે. તેમની પાસે ફક્ત ૬૦ ધારાસભ્યો છે અને જેડીએસ પાસે ૧૮ છે. તેઓ અમારી સંખ્યા સાથે મેળ કરી શકતા નથી. અમારી પાસે ૧૪૦ ધારાસભ્યો છે. આ બેકાર પ્રયાસ છે. અમે તેમના ખોટા આરોપોનો સામનો કરીશું."

# જ્યાં સુધી અન્યાય હશે, ત્યાં સુધી જેહાદ રહેશે: મદનીનું વિવાદિત નિવેદન

## સુપ્રીમ કોર્ટને ત્યારે જ સુપ્રીમ કહી શકાય જ્યાં સુધી ત્યાં બંધારણ સુરક્ષિત છે : ભોપાલમાં એક કાર્યક્રમમાં બોલ્યા મદની

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના મહમૂદ મદનીએ ભોપાલમાં એક કાર્યક્રમમાં ન્યાયતંત્રના તાજેતરના નિર્ણયો પર સવાલ ઉઠાવતા કહ્યું કે, બાબરી મસ્જિદ અને તલાક જેવા કેસોના નિર્ણયથી એવું પ્રતીત થાય છે કે અદાલતો સરકારના દબાણ હેઠળ કામ કરી રહી છે. અદાલતોના ઘણા એવા નિર્ણયો સામે આવ્યા છે, જેમાં બંધારણમાં આપવામાં આવેલા લઘુમતીઓના અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન થયું છે.

તેમણે કહ્યું કે, ૧૯૯૧ના ઉપાસના સ્થળ અધિનિયમ છતાં અન્ય કેસોમાં જે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી તે આનું ઉદાહરણ છે. સુપ્રીમ કોર્ટને ત્યારે જ સુપ્રીમ કહી શકાય જ્યાં સુધી ત્યાં બંધારણ સુરક્ષિત છે, જો આવું ન થાય તો સુપ્રીમ કોર્ટને સુપ્રીમ કહેવાનો અધિકાર નથી.

મદનીએ કહ્યું કે, હાલના સમયમાં દેશમાં ૧૦% લોકો મુસ્લિમોના પક્ષમાં છે, ૩૦% તેમની વિરુદ્ધ છે, જ્યારે ૬૦% લોકો મૌન છે. તેમણે મુસ્લિમોને અપીલ કરી કે તમે આ ૬૦% મૌન લોકો સાથે સંવાદ કરો અને પોતાની વાત તેમની સામે રાખો, કારણ કે જો આ જ વર્ગ મુસ્લિમોની વિરુદ્ધ થઈ ગયો તો તે દેશમાં મોટો ખતરો ઊભો થઈ શકે છે.

જેહાદ અંગે મૌલાના મદનીએ કહ્યું કે, આજે સરકાર અને મીડિયા એક પવિત્ર શબ્દને સંપૂર્ણ ખોટી રીતે દુનિયા સામે રજૂ કરી રહ્યા છે.

જેહાદને લવ જેહાદ, થૂક જેહાદ, જમીન જેહાદ જેવા શબ્દો સાથે જોડીને બદનામ કરવામાં આવી રહ્યો છે, જ્યારે જેહાદ હંમેશાથી પવિત્ર રહ્યો છે અને બીજાના ભલા માટે અને સારા માટે બતાવવામાં આવ્યો છે.

તેમણે આગળ કહ્યું કે, જ્યાં સુધી અન્યાય હશે, ત્યાં સુધી જેહાદ રહેશે. જ્યાં અન્યાય થશે ત્યાં જેહાદ થશે. એક ધર્મનિરપેક્ષ દેશ ભારતમાં જ્યાં લોકશાહી શાસન વ્યવસ્થા છે, ત્યાં જેહાદની કોઈ ચર્ચા નથી. અહીં મુસ્લિમો બંધારણ પ્રત્યે વફાદારી દર્શાવે છે. નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સરકારની છે. જો સરકાર આમ ન કરે તો તેના માટે સરકાર જ જવાબદાર રહેશે.

હવે મહમૂદ મદનીના નિવેદન પર ભાજપે પલટવાર કર્યો છે. સંબિત પાત્રાએ કહ્યું કે, ભોપાલમાં તેમના દ્વારા આપવામાં આવેલું નિવેદન ભડકાઉ અને દેશના ભાગલા પાડનારું હતું. જેહાદના નામે જે પ્રકારે લોકોએ માત્ર ભારતમાં જ નહીં પરંતુ ભારતની બહાર પણ આતંક ફેલાવ્યો છે તે અમે જોયું છે. મૌલાના મદનીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટને સુપ્રીમ કહેવાનો કોઈ અધિકાર નથી, તો સુપ્રીમ કોર્ટે મૌલાના મદનીના નિવેદન પર સ્વતઃ સંજ્ઞાન લેવું જોઈએ અને તેની સુનાવણી કરવી જોઈએ.

### નેવી માટે ૭૯૯૫ કરોડનો સોદો

# ટ્રમ્પના ટેરિફની વચ્ચે ભારતે અમેરિકા સાથે કરી વધુ એક ડીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આગામી સપ્તાહના ભારત પ્રવાસ પહેલાં ભારતે અમેરિકા સાથે એક મહત્ત્વપૂર્ણ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ભારતીય નૌસેનાના ૨૪ સી-હોક હેલિકોપ્ટર કાફલા માટે ૫ વર્ષના ફોલો-ઓન સપોર્ટ એટલે કે સતત સમર્થનના હેતુથી, આશરે ૮૦૦૦ કરોડની આ મોટી ડીલ અમેરિકા સાથે કરવામાં આવી છે. આ કરાર એવા સમયે થયો છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઑગસ્ટમાં ભારતીય વસ્તુઓ પર કુલ ૫૦ ટકાનો ટેરિફ લગાવ્યા બાદ બંને દેશોના સંબંધોમાં થોડો તણાવ જોવા રહ્યો છે.સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી કે MH-60R હેલિકોપ્ટર કાફલાના સંબંધમાં અમેરિકા સાથે ૭૯૯૫ કરોડના પ્રસ્તાવ અને સ્વીકૃતિ પત્ર(LOAs) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. લોકહીડ માર્ટિન કોર્પોરેશન દ્વારા તૈયાર કરાયેલા આ MH-60R સી-હોક હેલિકોપ્ટર્સ, જે બ્લેકહૉક હેલિકોપ્ટરનું દરિયાઈ વેરિઅન્ટ છે, તે તમામ હવામાનમાં ઉપયોગમાં લેવા માટે અસરકારક છે.

ભારતે લગભગ ૫ વર્ષ પહેલાં, ફેબ્રુઆરી ૨૦૨૦માં, 24 MH-60R હેલિકોપ્ટરની ખરીદી માટે અમેરિકા સાથે કરાર કર્યો હતો અને તેની પ્રથમ ૩ યુનિટની ખેપ ૨૦૨૧માં ભારતને મળી હતી. સંરક્ષણ મંત્રાલયના નિવેદન અનુસાર, આ ફોલો-ઓન સપોર્ટ પેકેજ ખૂબ જ વ્યાપક છે, જેમાં સ્પેરપાર્ટ્સ, સહાયક ઉપકરણો, ઉત્પાદન સમર્થન, તાલીમ અને ટેકનિકલ સહાયતા સહિતની અનેક જોગવાઈઓનો સમાવેશ થાય છે. મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું કે, આ સુવિધાઓના વિકાસને કારણે દેશમાં લાંબા સમય માટે કેપેબીલીટીનું નિર્માણ થશે અને અમેરિકન સરકાર પરની નિર્ભરતા ઘટશે, જે આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવામાં મદદ કરશે. આ કરારને કારણે MSME (મિનિસ્ટ્રી ઑફ માઈક્રો, સ્મોલ ઍન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ) અને અન્ય ભારતીય કંપનીઓ દ્વારા સ્વદેશી ઉત્પાદનો અને સેવાઓના વિકાસને પ્રોત્સાહન મળશે.

# ઓપરેશન સાગરબંધુ: શ્રીલંકાની મદદ માટે ભારતે મોકલ્યા ૨ ચેતક હેલિકોપ્ટર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શ્રીલંકામાં દિતવાહ વાવાઝોડાના પગલે ૧૨૩ લોકોના મોત બાદ ઈમરજન્સી લાગૂ કરવામાં આવી છે. દિતવાહ વાવાઝોડાથી પ્રભાવિત શ્રીલંકાની મદદ માટે ભારતે ૨ ચેતક હેલિકોપ્ટર મોકલ્યા છે. કોલંબો તંત્રના અધિકારી મુજબ, ભારત તરફથી મદદ મળ્યા બાદ સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. વાવાઝોડાને લઈને શ્રીલંકામાં એક અઠવાડિયા સુધી ભારે વરસાદ વરસ્યો, જેને લઈને અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. આ કુદરતી આફતમાં ૪૪૦૦૦ હજાર લોકોના ઘર બરબાદ થઈ જતાં પ્રભાવિત લોકોને સરકારી શેલ્ટર હોમ ખસેડવામાં આવ્યા હતા. ભારત ઓપરેશન સાગરબંધુ હેઠળ પડોશી દેશ શ્રીલંકાની મદદે આવ્યું છે.




# તંત્રી લેખ......

## સરકારે શહેરી નક્સલવાદીઓ સામે પણ સતર્ક રહેવું જોઈએ

જો કેટલાક કહેવાતા પર્યાવરણવાદીઓ વાયુ પ્રદૂષણ સામે વિરોધ કરે અને પછી અચાનક તેમના વિરોધને માઓવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવામાં ફેરવી નાખે તો તે છેતરપિંડી હશે. તાજેતરમાં દિલ્હીમાં આવું જ બન્યું હતું. દિલ્હીમાં વધતા વાયુ પ્રદૂષણ સામે કેટલાક લોકો વિરોધ કરવા માટે બહાર આવ્યા હતા, પરંતુ પછી તેઓ કુખ્યાત માઓવાદી નેતા હિડમાના સમર્થનમાં બહાર આવ્યા હતા. તેઓએ "માડવી હિડમા અમર રહે" ના નારા લગાવ્યા હતા. જ્યારે પોલીસે તેમને નારા લગાવતા અટકાવ્યા, ત્યારે તેઓ હિંસક બન્યા, મરીનો સ્પ્રે છાંટીને. પોલીસે ૧૫ થી વધુ લોકોની અટકાયત કરી. આ માઓવાદી સમર્થકો શહેરી નક્સલીઓની વ્યાખ્યામાં બંધબેસે છે. તેઓ હિડમાની હત્યાથી નારાજ હતા. એ સ્પષ્ટ છે કે આ શહેરી નક્સલીઓ હિડમાની ખૂની પ્રવૃત્તિઓથી જાણી જોઈને અજાણ હતા. હિડમાની હત્યાથી માઓવાદી કાર્યકરોમાં ગભરાટ ફેલાયો છે.સુરક્ષા દળોની સતર્કતાને કારણે, માઓવાદીઓ મોટી સંખ્યામાં આત્મસમર્પણ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં, ફક્ત બસ્તર જિલ્લામાં સક્રિય ૬૯ નક્સલીઓ, જેમના પર ૨.૮ કરોડ રૂપિયા (૨૮૦,૦૦૦ રૂપિયા)નું ઈનામ હતું, તેમણે આત્મસમર્પણ કર્યું છે. આમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેનો સમાવેશ થાય છે. ગૃહમંત્રી અમિત શાહે સતત કહ્યું છે કે માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશમાંથી માઓવાદનો નાશ કરવામાં આવશે. આનાથી જંગલોમાં છુપાયેલા માઓવાદીઓ, તેમજ ઉગ્રવાદી ડાબેરી વિચારધારા સાથે સંકળાયેલા શહેરી નક્સલીઓ પણ હચમચી ગયા છે. માઓવાદ એક ઝેરી વિચારધારા છે જેને શહેરી બૌદ્ધિકો તરફથી પણ ટેકો મળ્યો છે. આ શહેરી નક્સલવાદીઓ ભયાનક માઓવાદીઓને આદિવાસી સમાજના શુભચિંતક તરીકે રજૂ કરે છે. જે આદિવાસી તેમને ટેકો આપતા નથી તેઓ માઓવાદી ક્રૂરતાનો ભોગ બને છે. માઓવાદીઓએ અસંખ્ય આદિવાસીઓને મારી નાખ્યા છે, તેમને પોલીસ બાતમીદાર ગણાવ્યા છે. તેમ છતાં, ડાબેરી પક્ષો માઓવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળો દ્વારા શરૂ કરાયેલા અભિયાનથી ખુશ નથી. તેઓ ચિંતિત છે કે સરકાર તેમને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# વિક્લી માર્કેટ રિપોર્ટ: સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૨૭૭૭ અને ચાંદીના વાયદામાં રૂ.૮૩૧૬નો ઉછાળો: ક્રૂડ તેલમાં રૂ.૨૭નો સુધારો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૫૪૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૭૮૬૩૪૦ કરોડનું સાપ્તાહિક ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૩૨૩૫ કરોડનાં સાપ્તાહિક કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૦૧૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૧થી ૨૭ નવેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૫૧૩૧૮૯૧.૪૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૫૪૮૮.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૭૮૬૩૪૦.૧૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૫૭.૪૫ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૫.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૦૦૧૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૨૫૬.૫૯ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૩૨૩૫.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૩૭૩ના ભાવે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૬૧૭૫ અને નીચામાં રૂ.૧૨૧૫૪૬ના મથાળે અથડાઈ, રૂ.૧૨૨૭૨૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૭૭૭ના ઉછાળા સાથે રૂ.૧૨૫૫૦૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૮૨૫ ઊછળી સપ્તાહના અંતે રૂ.૧૦૨૨૧૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૨૪૫ની તેજી સાથે રૂ.૧૨૮૦૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૮૭ની વૃદ્ધિ સાથે રૂ.૧૨૫૪૬૫ સપ્તાહના અંતે થયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩૬૨૧ના ભાવે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૭૧૩૪ અને નીચામાં રૂ.૧૨૩૦૨૨ના મથાળે અથડાઈ, રૂ.૧૨૪૦૨૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૮૮૧ વધી રૂ.૧૨૬૯૦૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૫૩૭૫૦ના ભાવે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૩૯૭૪ અને નીચામાં રૂ.૧૫૦૩૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૪૧૫૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૩૧૬ના ઉછાળા સાથે રૂ.૧૬૨૪૬૭ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૩૮૯ વધી રૂ.૧૬૬૬૭૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.૮૩૬૪ ઊછળી રૂ.૧૬૬૬૧૫ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૮૦૧૫.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૧૫.૯૫ વધી રૂ.૧૦૨૦.૭ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૧.૭૫ વધી રૂ.૨૯૯.૧ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૨ વધી સપ્તાહના અંતે રૂ.૨૭૦.૪૫ના ભાવે બોલાયો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૧૫ પૈસા વધી રૂ.૧૮૧.૭૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૫૪૧૯૯.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૧૬૫ના ભાવે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૬૩૫ અને નીચામાં રૂ.૩૧૬૫ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૪૪૩ વધી રૂ.૩૬૧૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૨૨૦ના ભાવે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨૯૬ અને નીચામાં રૂ.૫૧૦૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૬૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૭ વધી રૂ.૫૨૯૦ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૨૬ વધી રૂ.૫૨૮૯ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૪૧૩.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૪.૫ ઘટી રૂ.૪૧૩.૧ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૨૦.૯ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૨.૩ ઘટી રૂ.૯૦૯.૫ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૩૭ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮ ઘટી રૂ.૨૬૭૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૩૫૩૮.૨૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૯૬૯૭.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૨૦૫૬.૨૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૩૭.૧૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૨.૧૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૬૮૫.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮૭.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૮૨૩.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૪૬૨૮૮.૯૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩૧.૨૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૪.૨૮ કરોડનાં કામ થયાં હતાં.

સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૪૮૨૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૨૯૬૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૨૨૦૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૭૮૫૪૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૩૭૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૧૬૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૨૬૬૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૧૯૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૬૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૬૪૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૬૦૧૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૧૯૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૦૧૨૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૯૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૭૭૩ પોઈન્ટ વધી ૩૦૦૧૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

### વડોદરા શહેરમાં પહોંચેલી સરદાર@૧૫૦ એકતા પદયાત્રાની સરદાર ગાથામાં રમતવીરોનું કરાયું સન્માન

# સરદાર પટેલે જોયેલા ભારતના સ્વપ્નને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાકાર કરી રહ્યા છે: કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડા

### આ માત્ર પગપાળા કૂચ નથી, પરંતુ તે એક વૈચારિક યાત્રા છે જે દેશમાં એકતાનો સંદેશ ફેલાવે છે : કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા







કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જયપ્રકાશ નડ્ડાએ જણાવ્યું છે કે, દેશી રાજ્યોના વિલિનીકરણ બાદ સરદાર પટેલે ભારત દેશના ભવિષ્યનું જે સ્વપ્ન જોયું હતું, તેને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાકાર કરી રહ્યા છે. બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી વડાપ્રધાનશ્રીએ દેશને ખરા અર્થમાં એક કર્યો છે. ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ઉપલક્ષમાં કરમસદથી કેવડિયા સુધી નીકળેલી સરકાર@૧૫૦ એકતા પદયાત્રાના વડોદરા શહેરમાં પ્રવેશ સમયે કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી નડ્ડા તેમાં સહભાગી થયા હતા.

અટલાદરા સ્વામિનારાયણ મંદિર સભાગૃહમાં યોજાયેલી સરદાર ગાથામાં શ્રી નડ્ડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરદાર પટેલ આપણા સાચા રાષ્ટ્રીય નાયક હતા અને સૌથી મહત્ત્વની વાત એ છે કે એક રાષ્ટ્રીય વ્યક્તિ અને નેતા તરીકે, તેમણે માત્ર બે વર્ષમાં જ આપણા પ્રાચીન દેશના વિઝનને પૂર્ણ કર્યું હતું.

આજનું ભારત, જે 'એક ભારત, બાકીનું ભારત, એક વિકસિત ભારત'ની વાત કરી રહ્યું છે, તે એકીકૃત ભારતનો નકશો છે જેની રચના સરદાર વલ્લભભાઈ પટેલે કરી હતી. આવનારી ઘણી પેઢીઓ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરશે, જેમણે ભારતને એક અખંડ અને શ્રેષ્ઠ ભારત બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. મંત્રીશ્રીએ યુવાનોને યાદ કરાવ્યું હતું કે સરદાર પટેલનું જીવન સત્યની સતત શોધ અને સત્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાનું હતું.

ભાષણમાં સરદાર પટેલના પ્રારંભિક જીવન પર પ્રકાશ પાડતા જણાવાયું હતું કેઘ તેઓ અમદાવાદમાં ખૂબ જ આદરણીય બેરિસ્ટર હતા. તેમણે લંડનમાં અભ્યાસ કર્યો હતો અને એક સારા વિદ્યાર્થી તરીકે અમદાવાદમાં બેરિસ્ટર અને વકીલ તરીકે સારી રીતે સ્થાપિત થયા હતા. તેમ છતાં, ગાંધીજીના આહ્વાનને પગલે તેમણે પોતાનું અંગત જીવન છોડી દઈ રાષ્ટ્રવાદનું જીવન જીવવાનું શરૂ કર્યું હતું.

ગાંધીજીના આહ્વાન બાદ તેમણે ખેડા સત્યાગ્રહ હોય કે બારડોલી સત્યાગ્રહ, ખેડૂતો માટે અવાજ ઉઠાવ્યો હતો. આ આંદોલનો મહેસૂલ વસૂલાત સામેના અન્યાય વિશે હતા, કારણ કે પાક ડૂબી ગયા હતા અથવા નુકસાન થયું હતું, છતાં દમનકારી અંગ્રેજો મહેસૂલ વસૂલવાનો પ્રયાસ કરતા હતા. બેરિસ્ટર હોવા છતાં, સરદાર પટેલ કોર્ટરૂમ છોડીને ખેડૂતો સાથે ઉભા રહ્યા હતા. જેનાથી ખેડા ચળવળ શરૂ થઈ હતી. આ બંને આંદોલનોમાં અંગ્રેજોનો પરાજય થયો અને સરદાર સાહેબે સફળતા મેળવી હતી જેના પરિણામે તેઓ ખેડૂતોના નેતા તરીકે સ્થાપિત થયા હતા.

આ બે આંદોલનો પછી જ વલ્લભભાઈ પટેલ સરદાર તરીકે ઓળખાયા હતા. 'સરદાર' નામ મળ્યા પછી, તેમણે વ્યક્તિગત કોર્ટરૂમથી સામાજિક કોર્ટરૂમ સુધીની સફર શરૂ કરી હતી. તેઓ પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની એક સમિતિના ચેરમેન બન્યા અને પછી મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન બન્યા. બ્રિટિશ શાસન દરમિયાન, સરદાર પટેલે જ વિક્ટોરિયા ગાર્ડનમાં લોકમાન્ય તિલકની પ્રતિમા સ્થાપિત કરી હતી (જે આજે અમદાવાદમાં તિલક ગાર્ડન તરીકે ઓળખાય છે) અને તેના અનાવરણ માટે ગાંધીજીને આમંત્રણ આપ્યું હતું.

શ્રી નડ્ડાએ સરદાર પટેલના નેતૃત્વની વિશિષ્ટતા પર ભાર મૂક્યો હતો. તેમનું નેતૃત્વ થોડા શબ્દોમાંનું હતું; તેઓ ઓછું બોલતા હતા, પણ તેમના કાર્યો બોલતા હતા. તેમણે દોઢ વર્ષમાં ૫૬૨ રાજ્યોને એક કરવા એ કોઈ નાની સિદ્ધિ નથી અને કોઈ સરળ કાર્ય નથી. મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો કે આજે એક જિલ્લાને બીજા જિલ્લા સાથે જોડવા કે તોડવા માટે પણ ઘણો પ્રયાસ કરવો પડે છે, ત્યારે આ દેશી રાજ્યોને એક કરવા તે અસાધારણ હતું.

સરદાર સાહેબ જાણતા હતા કે રાષ્ટ્ર માટે એકતા જરૂરી છે, તેથી તેમણે પ્રેમ દ્વારા, સમજાવટ દ્વારા, કે યોગ્ય કાર્યવાહી દ્વારા લોકોને મનાવવાનું કાર્ય કર્યું. ઈતિહાસના પાનાઓમાં ઊંડાણપૂર્વક તપાસ કરવા યુવાનોને વિનંતી કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલે ૫૬૨ રાજ્યોને શક્ય તેટલા બધા માધ્યમોથી એક કર્યા હતા, જેમાં તેમને સમજાવવા, શાંત કરવા અને દબાવવાનો સમાવેશ થતો હતો. એ પણ નોંધવું જોઈએ કે જ્યારે જૂનાગઢ અને હૈદરાબાદના નિઝામોએ પોતાનો વિચાર બદલ્યો, ત્યારે તેમણે તેમને એક કરવા માટે લશ્કરી કાર્યવાહી પણ કરી હતી.

આ પ્રસંગે તેમણે પ્રધાનમંત્રી મોદીના વિઝનને સાકાર કરવા અને દેશભરના યુવાનોમાં સરદાર સાહેબનો સંદેશ આપવા બદલ શ્રી મનસુખભાઈ માંડવિયા અને તેમની ટીમને બિરદાવી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ રાષ્ટ્રવ્યાપી એકતા અને વિકાસના સંદેશને ઉજાગર કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દેશભરમાં ૧૫૦૦થી વધુ એક દિવસીય પદયાત્રાઓ યોજાઈ હતી, અને ગુજરાત સરકારે પણ રાજ્યના ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી દરેકમાં એક દિવસીય પદયાત્રાઓનું આયોજન કર્યું હતું.

મંત્રીશ્રી માંડવિયાએ આ પદયાત્રાના વૈચારિક મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે આ માત્ર પગપાળા કૂચ નથી, પરંતુ તે એક વૈચારિક યાત્રા છે જે દેશમાં એકતાનો સંદેશ ફેલાવે છે. તેમણે સરદાર સાહેબના યોગદાનને યાદ કર્યું હતું, જેમણે ૫૬૨ રજવાડાઓને એક કરીને 'એક ભારત' બનાવ્યું હતું. તેના પગલે, વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ 'એક ભારત'ને 'મહાન ભારત' બનાવવાનો સંકલ્પ લીધો છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય એક ભારતને આત્મનિર્ભર ભારત, વિકસિત ભારત અને મહાન ભારત બનાવવાનો સંદેશ ફેલાવવાનો છે.

આ પદયાત્રામાં દેશભરમાંથી ૫૦૦ યુવાઓ જોડાયા છે, જેઓ વિકાસ અને એકતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. આ યુવાનોમાં પંજાબ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરપૂર્વ, નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ તેમજ તમિલનાડુ અને કેરળના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, જે દેશની વિવિધતામાં એકતાનું પ્રતીક છે. મંત્રીશ્રીએ કહ્યું કે આ કૂચમાં બેથી પાંચ હજાર લોકો ચાલી રહ્યા છે. દેશ આ એકતા કૂચ જોઈ રહ્યો છે અને સરદાર સાહેબ પાસેથી પ્રેરણા લઈ મોદીજીના સંકલ્પને પૂર્ણ કરવામાં જોડાઈ રહ્યો છે.

આજના કાર્યક્રમમાં સહભાગી બનેલા શ્રી જગત પ્રકાશ નડ્ડા પ્રત્યે આભાર વ્યક્ત કરતા ડૉ. માંડવિયાએ જણાવ્યું કે, આ પદયાત્રા તેમના માર્ગદર્શન અને પ્રેરણાથી શરૂ કરવામાં આવી હતી, અને કાર્ય યોજના પણ તેમના સૂચનો હેઠળ વિકસાવવામાં આવી હતી. પદયાત્રા માટે વડા પ્રધાન અને નડ્ડાજીની જે અપેક્ષાઓ હતી અને તેમના હૃદયમાં જે ભાવના હતી, તે સંદેશ આજે ખરેખર દેશમાં પહોંચી રહ્યો છે. તેમણે અંતમાં અભિનંદન આપતા જણાવ્યું હતું કે આ અનોખી યાત્રા આવનારા દિવસોમાં ભારતના વિકાસનો માર્ગ અંકિત કરશે.

પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે રાષ્ટ્રવ્યાપી સ્તરે એકતા અને અખંડતાનો સંકલ્પ વધુ મજબૂત બની રહ્યો છે. કરમથી કેવડિયા સુધી યોજાયેલી લગભગ ૧૫૨ કિલોમીટરની એકતા યાત્રામાં દેશના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ યાત્રાએ રાષ્ટ્રીય એકતાનો શક્તિશાળી સંદેશ સમગ્ર દેશમાં આપ્યો છે.

શ્રી વિશ્વકર્માએ વધુમાં ઉમેર્યું કે સરદાર પટેલનું એક ભારતનું સપનું માત્ર ઐતિહાસિક દ્રષ્ટિકોણ નથી, પરંતુ રાષ્ટ્રની અપાર શક્તિ અને સંકલ્પનું પ્રતીક છે. એકતાનગરમાં નિર્મિત સ્ટેચ્યુ ઑફ યુનિટી દેશના લાખો ખેડૂતોની મહેનત, ગામડાઓની માટી અને જનમાનસના યોગદાનથી તૈયાર થયેલું વૈશ્વિક સ્તરે ગૌરવસભર સ્મારક છે. વિશ્વના અનેક દેશોમાંથી આવતા પ્રવાસીઓ આ સ્મારકને ભારતીય એકતા અને શક્તિનું પ્રતીક માની મુલાકાતે આવે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનથી પ્રેરાઈને દેશ ઝડપી પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. સ્વદેશી ઉત્પાદન, સ્થાનિક સંસાધનોનો ઉત્તમ ઉપયોગ અને નવી ટેકનોલોજી દ્વારા રાષ્ટ્ર વિકાસના નવા માપદંડ સ્થાપિત કરી રહ્યું છે. દેશનો દરેક નાગરિક આ પરિવર્તનના યજમાન તરીકે સક્રિય ભૂમિકા નિભાવી રહ્યો છે, જે રાષ્ટ્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવાના પ્રયાસોમાં મહત્વપૂર્ણ છે. તેમ તેમણે અંતે કહ્યું હતું.

સરદાર ગાથાના અંતિમ તબક્કામાં વડોદરા શહેરના રમતવીરોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આજની યાત્રાના પ્રારંભે મહાનુભાવોના હસ્તે સ્મૃતિ વનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રી વીરેન્દ્ર કુમાર તથા શ્રી રવનિતસિંઘ બિટ્ટુ, મેયર શ્રીમતી પિંકીબેન સોની, સાંસદ ડૉ. હેમાંગભાઈ જોશી, દંડક શ્રી બાળકૃષ્ણભાઈ શુક્લ, ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી કેયુરભાઈ રોકડિયા, શ્રી ચૈતન્યભાઈ દેસાઈ, શ્રિ ગોરધનભાઈ ઝડફિયા, શ્રી જયપ્રકાશ સોની, ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિસનગરના નાયબ કાર્યપાલક ઈજનેરના લોકરમાંથી ૮૮.૭૨ લાખના દાગીના મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણામાં નાયબ કાર્યપાલક ઈજનેર પોલીસના સંકજામાં ફસાયો. ટીમ ACB દ્વારા હાથ ધરાયેલ તપાસમાં ઈજનેરના બેંક લોકરમાંથી ખજાનો હાથ લાગ્યો. નાયબ કાર્યપાલક ઈજનેર ડી આર પટેલ સામે એસીબીએ ૧૭ ટકા અપ્રમાણસર મિલકતની ફરિયાદ દાખલ કરી હતી. અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ થયા બાદ એસીબી દ્વારા હાથ ધરાયેલ તપાસમાં લોકરમાંથી સોના-ચાંદીના દાગીના મળી આવ્યા. જેના બાદ નાયબ કાર્યપાલક ઈજનેર સામે વધુ કડક કાર્યવાહી થઈ શકે છે.ટીમ ACBની તપાસમાં નાયબ કાર્યપાલક ઈજનેરનો ભાંડો ફૂટયો. ઈજનેરના લોકરોમાંથી લાખોના દાગીના મળી આવતા કાયદાકીયા કાર્યવાહીના સામનો કરવો પડી શકે છે. જો કે નાયબ કાર્યપાલક ઈજનેર પણ ધરપકડના ડરે સુરક્ષિત પગલું લીધું છે. ના.કા. ઈજનેર દ્વારા આગોતરા જામીન અરજી કરવામાં આવી છે તેને લઈને આજે સુનાવણી થશે. નાયબ કાર્યપાલક ઈજનેર દિલીપકુમાર પટેલના બેંક લૉકરમાંથી Team ACB એ ૮૮.૭૨ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના કબજે કર્યા છે. મહેસાણા કોર્ટમાં ઈજનેરને જામીન મળશે કે કેમ તેને લઈને લોકોમાં સવાલ છે.નાયબ કાર્યપાલક ઈજનેર હાલમાં મહેસાણા ખાતે કામગીરી કરી રહ્યા છે. દરમિયાન એસીબીની ફરિયાદ મળી હતી કે ના.કા. ઈજનેર પાસે પગાર કરતાં વધુ મિલકત છે. જેના બાદ્‌ફ્રિદ્ધ છઝમ્‌નારા ડી.આર. પટેલ અને તેમની પત્નીના બેક્ર લોકરોની ચકાસણી કરાઈ. બંનેના બેંક લોકર મહેસાણા હાઈવે પર આવેલી અર્બન બેંકમાં છે. ત્યાં ટીમ એસીબીના અધિકારીઓ અચાનક પહોંચી ગઈ તપાસ કરતા મોટા પ્રમાણમાં સોના-ચાંદીનાના દાગીના મળી આવ્યા. જેના બાદ નાયબ કાર્યપાલક ઈજનેર સામે રૂ.૩૭ લાખની અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# રેલ રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહ વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં ભારતીય રેલવે અને ગતિશક્તિ વિશ્વવિધ્યાલય ના યોગદાનને મહત્વપૂર્ણ ગણાવ્યું

માનનીય રેલવે અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહએ આજે વડોદરા સ્થિત ગતિશક્તિ યુનિવર્સિટીની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે કોન્ફરન્સ હોલમાં ગતિશક્તિ યુનિવર્સિટીના ફેકલ્ટી સભ્યો અને વડોદરા વિભાગના અધિકારીઓને સંબોધિત કર્યા. શ્રી રવનીત સિંહએ ગતિશક્તિ વિશ્વવિધ્યાલયની ટીમ તથા વડોદરા મંડળના અધિકારીઓને માનનીય પ્રધાનમંત્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ યોગદાન, સમર્પણ અને પ્રતિબદ્ધતા આપવા આવાહન કર્યું. વડોદરા મંડળની ઉપલબ્ધિઓની પ્રશંસા કરતા તેમણે તેને "બેસ્ટ ડિવિઝન" ગણાવ્યું.




આ બેઠકમાં ગતિશક્તિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર મનોજ ચૌધરીએ માનનીય રેલ રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહને પ્રેઝન્ટેશન દ્વારા ગતિશક્તિ યુનિવર્સિટીની પ્રગતિ અને સિદ્ધિઓની માહિતી આપી. પ્રોફેસર ચૌધરીએ માનનીય રાજ્ય મંત્રીને જણાવ્યું કે પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં ભારતની અગ્રણી વિશ્વવિધ્યાલય ગતિશક્તિ વિશ્વવિધ્યાલય (જીએસવી)ની ૨૦૨૨માં સંસદના અધિનિયમ દ્વારા એક કેન્દ્રિય વિશ્વવિધ્યાલય તરીકે સ્થાપના કરવામાં આવી હતી. રેલવે મંત્રાલય (ભારત સરકાર)ના અધિન કાર્યરત આ યુનિવર્સિટી રેલવે, હાઈવે, બંદરો, એવિએશન, સમુદ્રી, શિપિંગ, આંતરિક જલમાર્ગો, શહેરી પરિવહન અને સંપૂર્ણ લોજિસ્ટિક્સ તથા સપ્લાય ચેન નેટવર્ક જેવા સમગ્ર પરિવહન ક્ષેત્રને આવરી લે છે. યુનિવર્સિટીના ચાન્સેલર માનનીય શ્રી અશ્વિની વૈષ્ણવ (કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રોદ્યોગિકી મંત્રી) છે.

પ્રોફેસર ચૌધરીએ આગળ જણાવ્યું કે તાજેતરના એક મહત્વપૂર્ણ વિકાસમાં, સફ્રાને એવિએશન અને એમઆરઓ ક્ષેત્ર માટે ઈન્ડસ્ટ્રી-રેડી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે ગતિશક્તિ યુનિવર્સિટી (જીએસવી) સાથે સહયોગની જાહેરાત કરી છે. આ એમઓયુ અંતર્ગત જીએસવીએ પોતાના એવિએશન એન્જિનિયરિંગ કાર્યક્રમમાં વિશેષ લિપ એન્જિન કોર્સને સામેલ કર્યા છે, જેના દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક એરો-એન્જિન ટેક્નોલોજીનો પ્રાયોગિક અનુભવ મળશે.

તેમણે યુનિવર્સિટીની પ્રગતિની માહિતી આપતાં જણાવ્યું કે એરબસ અને જીએસવી સસ્ટેનબલ એવિએશન ફ્યુઅલ માટે સંયુક્ત અભ્યાસ પણ કરશે.

વડોદરા વિભાગના રેલવે પ્રબંધક શ્રી રાજૂ ભડકેએ માનનીય રેલ રાજ્ય મંત્રી શ્રી રવનીત સિંહને પ્રેઝન્ટેશન દ્વારા વડોદરા મંડળની પ્રગતિ અને સિદ્ધિઓની માહિતી આપી. શ્રી ભડકેએ પેસેન્જર રિવેન્યૂ, ટિકિટ ચેકિંગ વગેરેમાં વિભાગ દ્વારા પ્રાપ્ત નવી સિદ્ધિઓ, વિભાગમાં લોડિંગના નવા ટ્રાફિક, નોન-ફેર રેવન્યૂ દ્વારા પ્રદાન કરાયેલી મુસાફર સુવિધાઓ કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સબ્લીટી હેઠળ સામાજિક તથા ગેરસરકારી સંસ્થાઓ દ્વારા પ્રદાન કરાયેલી મુસાફરી સુવિધાઓ અંગે માહિતગાર કર્યા.

શ્રી ભડકેએ દિવાળી અને છઠ્ઠ પર્વ દરમિયાન મુસાફરોની સુવિધા માટે વિભાગ દ્વારા કરવામાં આવેલા ક્રાઉડ મેનેજમેન્ટ, **M-UTS** જેવી વિશેષ પહેલ, તેમજ જનપ્રતિનિધિઓની માંગ પર શરૂ કરાયેલી નવી ટ્રેનો અને વિવિધ સ્ટેશનો પર આપવામાં આવેલા વધારાના સ્ટોપેજ વિશે માહિતી આપી. તેમણે માનનીય રેલ રાજ્ય મંત્રીને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ મંડળના સ્ટેશનો પર ચાલી રહેલા કાર્યો તથા વિભાગમાં ચાલી રહેલી વિકાસ પરિયોજનાઓ વિશે પણ માહિતગાર કર્યા.

આ બેઠકમાં ગતિશક્તિ વિશ્વવિધ્યાલય ના વાઈસ ચાન્સેલર પ્રોફેસર મનોજ ચૌધરી સહિત ફેકલ્ટી સભ્યો, વડોદરા વિભાગના વિભાગીય રેલવે પ્રબંધક શ્રી રાજૂ ભડકે સહિત વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.




બોટાદ રૂલર પોલીસ સ્ટેશન વિસ્તારના શેરથળી અને સમઢીયાળા નં.૧ ગામે બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ધર્મેન્દ્ર શર્મા સાહેબનાઓ દ્વારા વિલેજ વિઝીટ કરવામાં આવેલ અને ગામડાઓમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે હાજર ગ્રામજનો અને અગ્રણીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. અને કાયદાકીય કોઈ પ્રશ્નો કે રજૂઆત બાબતે જરૂરી ચર્ચાઓ કરવામાં આવેલ હતી. વિલેજ વિઝીટ દરમિયાન નાયબ પોલીસ અધિક્ષકશ્રી શ્રી મહર્ષિ રાવલ સાહેબ તથા બોટાદ રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી શ્રી વી.એલ. સાકરીયા સાહેબ નાઓ સહિત પોલીસ સ્ટાફના માણસો હાજર રહેલ હતા. (રિપોર્ટર લાલજી મેર રાણપુર)

### પીવાના પાણીની સુરક્ષા, સ્વચ્છતા, ભૂગર્ભજળ વ્યવસ્થાપન સહિતના મુદ્દાઓ પર કરાઇ વિસ્તૃત ચર્ચા

# નવી દિલ્હી ખાતે 'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' વિભાગીય સમિટ યોજાઈ: સમગ્ર દેશ સમક્ષ રજૂ કરાયું 'વેડંચા મોડેલ'

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં 'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' વિભાગીય સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્ય સચિવશ્રીઓની ચોથી રાષ્ટ્રીય પરિષદ દરમિયાન રજૂ કરેલા વિઝન અંતર્ગત આ સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટમાં પીવાના પાણીની સુરક્ષા, સ્વચ્છતા, ભૂગર્ભજળ વ્યવસ્થાપન, સિંચાઈ કાર્યક્ષમતા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સમિટનો ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે જુનિયર કેડરની પણ વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો. 'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' સમિટમાં ગુજરાતના પ્રતિનિધિ સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણના મિશન




ડાયરેક્ટર શ્રી બી.એમ. પ્રજાપતિએ પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે ગ્રે વોટર મેનેજમેન્ટ માટેના રાજ્યના આગવા 'વેડંચા મોડેલ'નો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૭ હજારથી વધુ ગામડાઓ છે, જ્યાં ગ્રે વોટર મેનેજમેન્ટ એક મોટો પડકાર છે. જેનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૬.૫ લાખના ખર્ચે 'વેડંચા મોડેલ' બનાવવામાં આવ્યું છે. આ મોડેલ કુદરતી રીતે જ વેસ્ટ પાણીને શુદ્ધ કરે છે અને રિયુઝ, રિસાયકલ તથા રિચાર્જનો કન્સેપ્ટને ખરા અર્થમાં સાર્થક કરે છે. શુદ્ધ કરાયેલા આ પાણીનો કૃષિમાં પણ ઉપયોગ કરી શકાય છે તેમજ તેમાંથી ઉત્પન થતાં સ્લરીનાં ઉપયોગથી સેન્દ્રીય ખાતર પણ બનાવી શકાય છે, જે રેવન્યુ પણ જનરેટ કરે છે. વધુમાં, ડાયરેક્ટરશ્રીએ ઉમેર્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫૯ ગામડામાં આ મોડેલને કાર્યરત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત જે ગામોને અન્ય કોઈ મોડેલ અપનાવવું હોય તો તે માટે બીજા મોડેલ પણ બનાવવામાં આવી રહ્યા છે. આ બે દિવસીય સમિટમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ, ટેકનિકલ નિષ્ણાતો, પંચાયત સભ્યો, એનજીઓ, સેલ્ફ-હેલ્પ ગ્રુપ (**SHGs**), સમુદાય સંગઠનો તેમજ નેશનલ વોટર ઍવોર્ડ્સ અને જળ સંચય જનભાગીદારી ઍવોર્ડના વિજેતાઓએ ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' સમિટ એકીકૃત આયોજન, સક્રિય સમુદાય ભાગીદારી અને શાશ્વત પદ્ધતિઓ દ્વારા ભારતમાં લાંબા ગાળાની પાણી સુરક્ષા સ્થાપિત કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે, જે દેશને સુજલામ અને સ્થિર ભારતના સંયુક્ત લક્ષ્ય તરફ વધુ ઝડપી આગળ ધપાવશે. નીતિ આયોગની આ છ વિષયક વિભાગીય સમિટોની શ્રેણી હેઠળ જળ શક્તિ મંત્રાલય રાષ્ટ્રીય જળ ક્ષેત્રના વિષયનું નેતૃત્વ કરે છે, જેમાં સ્ત્રોત ટકાઉપણું, પીવાના પાણીની સુરક્ષા, સ્વચ્છતા, ભૂગર્ભજળ વ્યવસ્થાપન, સિંચાઈ કાર્યક્ષમતા તથા ગ્રામ્ય-શહેરી સમન્વિત જળ વ્યવસ્થાપન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો સામેલ છે.

- જીગર બારોટ

# ગુજરાત વિધાનસભા ખાતે શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર-"ઠક્કરબાપા"ની ૧૫૬મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

"ઠક્કરબાપા"ના હૂલામણા નામથી જાણીતા શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરની ૧૫૬મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને આજે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના સચિવશ્રી સહિત અધિકારી-કર્મચારીઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓએ કૃતજ્ઞતાભાવે પુષ્પાંજલિ આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.



અત્રે નોંધનીય છે કે, શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરનો જન્મ ભાવનગર ખાતે તા. ૨૯મી નવેમ્બર, ૧૮૬૯માં થયો હતો. પૂજ્ય ઠક્કરબાપા મહાત્મા ગાંધીજીના પ્રિયજન તેમજ હરિજનો અને આદિવાસીઓના ઉદ્ધારક હતા. અનુકંપા અને દયાના ગુણો તેમને વારસામાં મળ્યા હતા. વર્ષ ૧૯૧૪માં તેઓ હિન્દ સેવક સમાજ સાથે સક્રિય રીતે જોડાઈ સર્વાંગી સમાજસેવા માટે સંકલ્પબદ્ધ બન્યા હતા. પૂજ્ય ઠક્કરબાપાએ વર્ષ ૧૯૧૯ અને ૧૯૨૨માં ગુજરાત અને પંચમહાલના દુષ્કાળ વખતે આદિવાસીઓ માટે રાહત કામગીરી થકી અનાથ, નિરાધાર અને પીડિતો માટે ખૂબ ઉમદા કાર્ય કર્યું હતું. વર્ષ ૧૯૩૦માં અંગ્રેજો સામે અસહકારની લડતમાં તેમની ધરપકડ થઈ હતી અને દોઢ માસનો જેલવાસ પણ ભોગવ્યો હતો. પૂજ્ય ઠક્કરબાપાએ અખિલ હિન્દ હરિજન સેવક સંઘના મંત્રી અને બંધારણસભાના સભ્ય થકી રાષ્ટ્રજીવનમાં પણ અગત્યની ભૂમિકા નિભાવી હતી. તેમણે બંધારણમાં હરિજનો-આદિવાસીઓ માટેના વિશિષ્ટ કલ્યાણને પ્રોત્સાહન આપ્યું હતું. પૂજ્ય ઠક્કરબાપાનું તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૫૧ના રોજ નિધન થયું હતું. તેમનું સેવાયુક્ત જીવન, સમાનતા અને સામાજિક ન્યાય માટેનો સંદેશ આજે પણ લોકહૃદયમાં માર્ગદર્શક પ્રકાશસ્તંભ સમાન છે. - જીગર બારોટ

# ગુજરાતના ખેડુતોને અન્યાયનો મુદ્દો રાજયસભામાં ગુંજશે : કોંગ્રેસના સાંસદે ચર્ચા માટે નોટીસ આપી

પ્રતિનિધિ,ગાંધીનગર

સંસદનુ શીતકાલીન સત્ર ૧ ડીસેમ્બર થી શરૂ થઈ રહ્યુ છે. ત્યારે ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદનો મુદ્દો સંસદમાં ગુંજશે, રાજય સભાના સાંસદ શકિતસિંહ ગોહિલે શુન્યકાળમાં ચર્ચા માટે નોટીસ આપી છે. ૧ ડીસેમ્બર થી શરૂ થતા સત્રમાં ચર્ચા કરવાની નોટીસ આપી છે,

તાજેતરમાં આવેલા કમોસમી વરસાદથી ખેડુતોને તૈયાર થયેલો પાક સંપૂર્ણપણે પાકનો નાશ થયો હતો. ગુજરાત સરકારનુ રાહત પેકેજ માત્ર ૨ હેકટર માટે જાહેર કરાયુ, અને તે પણ અનેક શરતો સાથે, ત્યારે ગુજરાતમાં ફસલ વિમા યોજના તાત્કાલીક શરૂ કરવાની માંગ કરાઈ છે, રાજયના ખેડુતોને નુકશાનીનુ સંપૂર્ણ વળતર આપવામાં આવે તેવી માંગ કરાઈ છે, ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદનો મુદ્દો હવે સંસદમાં ગુંજશે, રાજય સભાના સાંસદ શકિતસિંહ ગોહિલે શુન્યકાળમાં ચર્ચા માટે નોટીસ આપી છે. ૧ ડીસેમ્બર થી શરૂ થતા સત્રમાં ચર્ચા કરવા માટે નોટીસ આપી છે. નોટીસમાં ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલ સ્થિતિનો ઉલ્લેખ કરાયો છે.

નોટીસમાં જણાવાયુ છે કે ગુજરાતમાં દિવાળી દરમિયાન સતત બેમોસમી વરસાદ પડતો રહયો અને તેના કારણે ખેડુતોનો તૈયાર થયેલો સંપૂર્ણ પાક ખુબ જ ખરાબ રીતે નાશ પામ્યો હતો.




તો બીજી તરફ ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના બંધ કરી દેવામાં આવી છે અને એ જ કારણે ખેડુતો પાસે પોતાના પાકનો કોઈપણ વિમો ન હતો, મોટા પાયે ખર્ચ કર્યા પછી જયારે પાક તૈયાર થયો હતો એ જ વખતે બેમોસમ સતત વરસાદ પડવાથી સંપૂર્ણપાક નાશ પામ્યો, જેના કારણે ગુજરાતમાં ખેડુતો આત્મહત્યા કરી રહ્યા છે. ગુજરાત સરકારે જે રાહત પેકેજ જાહેર કર્યુ છે તે પર્યાપ્ત નથી અને માત્ર ૨ હેકટરમાં તે પણ અનેક શરતો સાથે જાહેર કરવામાં આવ્યુ છે. જેના કારણે ખેડુતોને યોગ્ય લાભ મળી રહ્યો નથી. આથી કેન્દ્ર સરકાર પાસેથી અનુરોધ છે કે ગુજરાતમાં ફસલ બિમા યોજના તાત્કાલીક શરૂ કરવામાં આવે, આફતને કારણે ભારે નુકશાન વેઠી રહેલા ગુજરાતના ખેડુતોને સંપૂર્ણ વળતર આપવામાં આવે.

# અહેમદ પટેલના સંતાનો વચ્ચે ખેલાયુ રાજકારણ : નવી રાજકીય પાર્ટી બનાવવા પુત્ર ફૈઝલનો ઈશારોઃ પુત્રી મુમતાજના અલગ સુર

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચમાં અહેમદ પટેલના સંતાનો વચ્ચે રાજકારણ ગરમાયુ છે, અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલની સોશીયલ મીડીયા પર કરેલી પોસ્ટમાં ચર્ચા આવી છે, જેમાં તેમણે લખ્યુ છે કે તેઓ કોંગ્રેસમાંથી અલગ પડીને કોંગ્રેસ આપ પાર્ટી બનાવવાની વિચારણા કરી રહ્યા છે.




જયારે બહેન મુમતાજ પટેલ પણ નવી પાર્ટીમાં જોડાય તેવી આશા વ્યકત કરી છે, ફૈઝલ પટેલે આ અંગે સોશીયલ મીડીયા પર સમર્થકો પાસેથી અભિપ્રાય માંગ્યા હતા, ઉલ્લેખનીય છે કે ફૈઝલ પટેલે સોશીયલ મીડીયા પર નવી પાર્ટી બનાવવાની વિચારણા રજુ કરતી પોસ્ટ વાયરલ થતા રાજકારણ ગરમાયુ છે, તેમજ ફૈઝલ પટેલની બહેન મુમતાજ પટેલ પણ નવી પાર્ટીમાં જોડાય તેવી આશા વ્યકત કરી છે. મહત્વનુ છે કે ફૈઝલ પટેલની પોસ્ટ બાદ મુમતાજ પટેલનુ નિવેદન સામે આવ્યુ છે. મુમતાજે ફૈઝલ પટેલની પોસ્ટને તેમની અંગત પોસ્ટ ગણાવી છે, તેમણે પણ ટવીટર પર ટવીટ કરી જણાવ્યુ હતુ કે તેઓ કોઈપણ અન્ય પાર્ટીમાં જોડાવવાની યોજના નથી કરી રહ્યા, તેમજ કોઈપણ નવી પાર્ટીમાં જોડાવવાનો પ્લાન નથી કર્યો, આ ઉપરાંત વધુમાં લખ્યુ છે કે મારા ભાઈના વિચારો અને નિર્ણયો તેના અંગત છે.

ફૈઝલ પટેલ અગાઉ પણ પોતાના રાજકીય નિવેદનો અને ગતિવિધિઓને કારણે ચર્ચામાં રહ્યા છે, ગત લોકસભા ચુંટણી સમયે તેમણે પોતાના બેનરો લગાવ્યા હતા જેમાં ગઠબંધન હોવા છતાં પોતે ચુંટણી લડશે તેવો દાવો કર્યો હતો જેનાથી રાજકીય હડકંપ મચ્યો હતો. આ પહેલા પણ તેમણે કોંગ્રેસ સાથે છેડો ફાળવા અંગેની પોસ્ટ કરી હતી. આ વખતે તેમણે સીધા અલગ પક્ષની રચના માટે સમર્થકોના અભિપ્રાય માંગ્યા છે. જે ગુજરાત કોંગ્રેસમાં આંતરીક વિખવાદના સંકેત આપે છે. ફૈઝલ પટેલ સતત રાજકીય નિવેદનોને લઈ ચર્ચામાં રહે છે. તો બીજી તરફ મુમતાજ પટેલે પોતાની સ્પષ્ટતા દ્વારા કોઈપણ નવી પાર્ટીમાં જોડાવવાની ઈચ્છા ન હોવાનુ જણાવી દીધુ છે.

# અમદાવાદમાં રૂપિયા ૮.૭૦ કરોડની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયોઃ ચારની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં એમ્બરગ્રીસ ઝડપાવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના સરખેજ વિસ્તારમાં પોલીસ દ્વારા ગેરકાયદે એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલ્ટીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરીને કુલ રૂપિયા ૮.૭૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી માહિતી મુજબ, પોલીસે સરખેજ મકરબા ટોરન્ટ પાવર રોડ પર નવા બની રહેલા ઓવરબ્રિજની બાજુમાં આવેલા સત્યદીપ હાઈટ્સ પાસેથી ચાર શખ્સોને વોચ ગોઠવીને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી એમ્બરગ્રીસનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસને પકડેલા ચાર આરોપીઓ પાસેથી કુલ ૮ કિલો ૭૦૪ ગ્રામ એમ્બરગ્રીસના નાના-મોટા ટુકડાઓ મળ્યા હતા. બજારમાં આ પદાર્થની કિંમત રૂપિયા ૮,૭૦,૪૦,૦૦૦ છે.

ઝડપાયેલા ચાર આરોપીઓની ઓળખ રિંકુસિંહ સમરબહાદુરસિંહ રાજપુત (ઉં.વ.૨૧), શષાંક પાંડે(ઉં.વ.૨૯), એજેક્સ વ્યાસ(ઉં.વ.૨૩) અને જતીન પાટીલ(ઉં.વ.૨૫) તરીકે થઈ છે. આરોપી અમદાવાદના નરોડા અને ન્યુ મણિનગર વિસ્તારના રહેવાસી છે. આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેમણે આ એમ્બરગ્રીસનો જથ્થો સુરત ખાતે રહેતા બિપિન સોલંકી નામના એક શખસ પાસેથી મેળવ્યો હતો. આરોપી એમ્બરગ્રીસના વેચાણ માટે ગ્રાહકો શોધી રહ્યા હતા, ત્યારે પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા.

આ પદાર્થને વ્હેલની ઉલટી કહેવામાં આવે છે પરંતુ આ સાચુ નથી. હકીકતમાં એમ્બરગ્રીસનો અર્થ ફ્રેન્ચમાં 'ગ્રે અંબર' થાય છે. તે મીણ જેવો એક પદાર્થ હોય છે જે સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાં બને છે. સ્પર્મ વ્હેલ એક સંરક્ષિત પ્રજાતિ છે. આ પદાર્થ વ્હેલના પાચનતંત્રમાં બનતો હોવાથી તેને ઉલટી કહેવામાં આવે છે. આ વિશે હજુ પણ વિજ્ઞાન સંપૂર્ણ વિશ્વાસ સાથે નથી કહી શકતું કે એમ્બરગ્રીસ કેવી રીતે બને છે. એક સિદ્ધાંત કહે છે કે, વ્હેલ જ્યારે ખૂબ જ મોટા પ્રમાણમાં સમુદ્રી જીવ ખાઈ લે છે અને તેનો આકાર મોટો હોય છે ત્યારે તેને પચાવવા માટે વ્હેલના આંતરડાઓમાં આ પદાર્થ બને છે.

એમ્બરગ્રીસ વ્હેલ માછલીના શરીરમાંથી બહાર કઈ રીતે નીકળે છે તેની પણ અનેક રીતો હોય છે. ઘણી વખત તે ગુદા દ્વારા બહાર નીકળે છે અને તેનો રંગ મળ જેવો હોય છે. તેમાં મળની તીવ્ર ગંધ પણ હોય છે, જેમાં દરિયાની ગંધ પણ ભળેલી હોય છે. જ્યારે તે વ્હેલના શરીરમાંથી નીકળે છે, ત્યારે તેનો રંગ આછો પીળો હોય છે અને તે જાડી ચરબી જેવી હોય છે. જો કે સમયની સાથે તે ઘાટી લાલ રંગની અને ઘણી વખત કાળી અથવા રાખોડી રંગની પણ બની જાય છે. ત્યારે તેની ગંધ માટી જેવી થઈ જાય છે.

# બે વર્ષથી નાસતો ફરતો નરોડાનો આરોપી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં નરોડા પોલીસે બે વર્ષથી નાસતા ફરતા એક અપહરણના આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીના પિતાને **B.L.O.** તરીકે ઓળખ આપીને ફોન કર્યો હતો અને આ રીતે મહેસાણાથી આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી હતી.

મળતી માહિતી મુજબ, નરોડા પોલીસની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવાની કામગીરી ચાલી રહી હતી. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩માં નરોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં સગીર દીકરીને ભગાડી જનાર શખ્સની શોધખોળ ચાલી રહી હતી. આ ગુનામાં આરોપી રોહિત ઠાકોર છેલ્લા બે વર્ષથી ફરાર હતો.

પોલીસને આરોપી રોહિતના પિતા શનાજી ઠાકોરનો મોબાઈલ નંબર મળ્યો હતો. એક પોલીસ કર્મચારીએ શનાજીને ફોન કરીને જણાવ્યું કે તેઓ કલેક્ટર ઓફિસમાંથી બી.એલ.ઓ. તરીકે બોલી રહ્યા છે અને ચૂંટણી કાર્ડ કઢાવવા માટે ફોર્મ ભરવું પડશે. પોલીસકર્મીએ ઘરમાં સભ્યોની સંખ્યા જેવી વિગતો પૂછીને તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. બાદમાં, તેમને દીકરા રોહિતના લગ્ન વિશે પૂછપરછ કરી અને તેનો મોબાઈલ નંબર માંગ્યો હતો. આરોપીના પિતાએ તેમના મોબાઈલમાંથી રોહિત ઠાકોરનો નંબર આપી દીધો હતો.

પોલીસે શનાજી દ્વારા આપવામાં આવેલો મોબાઈલ નંબર ટ્રૂ કોલરમાં નાખ્યો, જ્યાં રોહિત ઠાકોરનું નામ આવતાં પોલીસે કન્ફર્મ કર્યું હતું કે, આ જ વ્યક્તિ સગીરાને ભગાડી ગયો છે. પોલીસે તાત્કાલિક રોહિતના મોબાઈલનું લોકેશન મેળવ્યું, જે મહેસાણાના શોભાસણ ગામ નજીકની નેનો સિરામિક કંપનીનું આવ્યું હતું.

### RTO અને ખાણ ખનીજ તંત્ર નિંદ્રામાં હોય તેમ જણાઈ રહ્યું છે

# વાત્રક, સાબરમતી અને શેઢી નદીમાં બેફામ ખનન બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ખેડા

ખેડા જિલ્લામાં આવેલી નદીઓના પટમાંથી મોટાપાયે ખનન કરવામાં આવી રહ્યું છે. ભૂમાફિયા વાત્રક, સાબરમતી અને શેઢી નદીમાં બેફામ ખનન રહ્યા છે. ખનન કરતા ડમ્પરો નેશનલ હાઈવે પર બેફામ દોડી રહ્યા છે, ત્યારે બેફામ દોડતા ડમ્પરો મામલે **RTO** અને ખાણ ખનીજ તંત્ર નિંદ્રામાં હોય તેમ જણાઈ રહ્યું છે. ભૂમાફિયાઓ પર કંટ્રોલ રાખવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. ત્યારે હવે ભૂમાફિયા સામે કોણ કામગીરી કરશે તેવો સવાલ લોકો પૂછી રહ્યા છે?ખેડાના રસ્તા પર બેફામ રીતે ખનન કરેલી રેતી ભરેલા ડમ્પર અને ટ્રેલર જોવા મળી રહ્યા છે. અમદાવાદ વડોદરા નેશનલ હાઈવે પર બેફામ ડમ્પરો દોડી રહ્યા છે. ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા આ મામલે કોઈ કામગીરી કરવામાં ન આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ સાથે ખાણ ખનીજ વિભાગના સરકારી બાબુઓની રહેમ નજર હેઠળ આ ખનન થઈ રહ્યું હોવાની ફરિયાદ પણ લોકો કરી રહ્યા છે.ખેડાની વાત્રક, સાબરમતી અને શેઢી નદીમાં બેફામ ખનન થઈ રહ્યું છે. ખેડા નેશનલ હાઈવે પર રેતીથી ભરેલા ઓવરલોડ ડમ્પર કોઈ રોક ટોક વગર બેફામ ગતિએ દોડી રહ્યાં છે. ધોળા દિવસે ડમ્પરો નેશનલ હાઈવે પર દોડી રહ્યા છે. જે કારણે પોલીસ, **RTO** અને ખાણ ખનીજ વિભાગ સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

**RTO**ના નિયમ વિરૂદ્ધ ડમ્ફરની બંને સાઈડ ઉપર અને પાછળના ભાગે દોઢ ફૂટની એક્સ્ટ્રા લોખંડની એંગલ આરટીઓના ખેડા ઈન્સ્પેકટર્સની પોલ ખોલી રહ્યા છે.નેશનલ રોડ પર નાના વાહનોવાળા પોતાનું ગુજરાન ચલાવતા હોય, ત્યારે આરટીઓ વિભાગ દ્વારા આવા લોકોને રોકીને દંડની કાર્યવાહી કરવામાં આવે છે.

આવા ખાણ ખનીજ માફિયાઓને કેમ કોઈનો ડર નથી? ખેડા **RTO** અને હંમેશા ઓછા સ્ટાફની વાતો કરતા ખાણ ખનીજ વિભાગની કામગીરી ઉપર સવાલ ઉભા થયા છે.

# સાબરકાંઠા જિલ્લામાં દારૂ-ડ્રગ્સ જુગાર સામે કોંગ્રેસનો હલ્લાબોલ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં જિલ્લાના ૪ શહેરોમાં અપાયુ આવેદનપત્ર

### હિંમતનગર -ઈડર -વડાલી અને પ્રાંતિજમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ રેલીઓ કાઢી પ્રાંત અધિકારીઓને અપાયા આવેદનપત્ર




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં દારૂબંધી અંગે ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને ગૃહમંત્રી સંઘવી વચ્ચે જંગ જામ્યો છે, ત્યારે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં લાખો લોકો જોડાઈ રહ્યા છે, આજે ગુજરાતમાં નશાબંધીના કાયદાનો કડક અમલ, દારૂ ડ્રગ્સના વેપલા પર પ્રતિબંધ અને યુવાનોને આ બદીઓથી બચાવવાની માંગણી સાથે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં સાબરકાંઠા જિલ્લાના ૪ શહેરોમાં આવેદનપત્ર આપવામાં આવ્યા હતા. જેમાં હિંમતનગર, ઈડર, વડાલી અને પ્રાંતિજમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ રેલીઓ કાઢીને પ્રાંત અધિકારીઓને આવેદનપત્ર આપ્યા હતા, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ બેનરો લઈને તાલુકાની વિવિધ મામલતદાર કચેરીઓ, પ્રાંત કચેરીએ પહોચી ૩ મુખ્ય માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યુ હતું. કોંગ્રેસે કહ્યુ હતુ કે નશાબંધીના કાયદાનુ કડક પાલન થવુ જોઈએ, દારૂ ડ્રગ્સનો વેપલો તાત્કાલીક બંધ કરવો જોઈએ, ભારતના ભવિષ્ય એવા યુવાનોને આ બદીઓથી બચાવવા જોઈએ તો બીજી તરફ જિલ્લાના વડાલીમાં પણ જિગ્નેશ મેવાણીના સમર્થનમાં મોટી રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપરાંત આમ આદમી પાર્ટીના નેતાઓ અને સામાજિક આગેવાનો પણ જોડાયા હતા, મોટી સંખ્યામાં સમર્થકો રેલીમાં સામેલ થયા બાદ મામલતદાર ની કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

# અમારી કાવતરાના ભાગરૂપે ધરપકડ થઈ હતી : અંતે સત્યનો વિજય થયો છે



પ્રતિનિધિ,ગાંધીનગર

તાજેતરમાં બોટાદ જિલ્લામાં કપાસના કડદાકાંડ મામલે વિરોધ ઉઠાવનારા ૮૪ પૈકી ૩૨ ખેડુતો દોઢ માસ બાદ ગઈ કાલે જેલ મુકત થયા હતા, ત્યારે આજે શનિવારે રાજકોટમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં આ ભોગ બનનાર ખેડુતોએ જણાવ્યુ હતુ કે કપાસના કડદા પ્રશ્ને અમારૂ આંદોલન ગાંધી ચીંધ્યા માર્ગે ચાલતુ હતુ.

ત્યારે કોઈ અજાણ્યા બુકાનીધારી લોકોએ પથ્થરમારો કરી અમારી ઉપર દોષનો ટોપલો ઢોળી ખોટી રીતે જેલ ભેગા કરી દીધા હતા, કલમ ૩૦૭, મુજબનો ગુન્હો પણ ખોટી રીતે દાખલ કરાવ્યો હતો. ખેડુતોએ વધુમાં જણાવ્યુ હતુ કે અમારી કાવતરાના ભાગરૂપે ધરપકડ કરવામાં આવી હતી. જો કે અંતે સત્યનો વિજય થયો છે, ખેડુતોના કહેવા પ્રમાણે અમોએ કોઈ પથ્થરમારો કર્યો ન હતો છતાં કાવતરાના ભાગરૂપે અમોને જેલ ભેગા કરી દેવાયા હતા. પરંતુ અમોને ભારતની ન્યાય પાલિકા ઉપર સંપૂર્ણ ભરોસો હતો.

સરકારે ભલે ખેડુતોનો અવાજ દબાવવાનો પ્રયાસ કર્યો પરંતુ ન્યાય તંત્ર, એ અમોને જેલમુકત કર્યા છે, જે સત્યનો વિજય દર્શાવે છે, ખેડુતોએ એવુ પણ જણાવ્યુ હતુ કે અમારા આંદોલનના કારણે કડદા પ્રથા બંધ કરાવાઈ છે અને આ બાબતે સરકારે ખાસ પરીપત્ર કરવાની ફરજ પડી છે આમ સમગ્ર ખેડુત સમાજનો વિજય થયો છે,

# અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા વિસ્તારમાં યુરીયા ખાતર ૫૦૦ રૂપીયે વેચાયુ હોવાની બુમરોળ

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા વિસ્તારમાં યુરીયા ખાતર ખુલ્લેઆમ ૫૦૦ રૂપીયાના ભાવે વેચાઈ રહ્યુ હોવાની બુમરોળ ઉઠવા પામી છે, ત્યારે ખેડુતોએ હલ્લાબોલ કરતા છેવટે વેપારીએ ખાતર જ વેચવાનુ બંધ કરી દુકાન બંધ કરી નાસી ગયો હતો,

હાલ જગતનો તાત યુરીયા ખાતર માટે વલખા મારી રહ્યો છે, જયાં જુઓ ત્યાં યુરીયા ખાતર માટેની બુમરોળ ઉઠી છે સાથે યુરીયા ખાતર મેળવવા ખેડુતોની લાઈનો લાગી રહી છે, પરંતુ હજુ સુધી તંત્રનુ પેટનુ પાણીય હાલતુ ન હોય તેમ દિવસે દિવસે ખાતર મેળવવા માટે ખેડુતોને મુશ્કેલીઓ પડી રહી છે અને કાળા બજારમાં વેપારીઓ ખેડુતોને લુંટી રહ્યા છે અને ઉંચા ભાવે યુરીયા ખાતર સાથે અન્ય ખાતર ફરજીયાત લેવા મજબુર કરી રહ્યા છે. પરંતુ જિલ્લા ખેતીવાડી વિભાગ જાણે કે વેપારીઓ પર મોટા હાથ રાખી કાર્યવાહી કરતા ન હોય તેવો ઘાટ જિલ્લામાં સર્જાયો છે. મેઘરજ તાલુકામાં પણ યુરીયા ખાતર વેપારીઓ ઉંચા ભાવે વેચતા હોવાની બુમરોળ અવાર નવાર ઉઠી રહી છે જેમાં ફરી એકવાર મેઘરજ તાલુકાના રેલ્લાવાડા વિસ્તારમાં એક વેપારી દ્વારા ૫૦૦ રૂપીયાના ભાવે યુરીયા ખાતર તેમજ સાથે અન્ય ખાતર ફરજીયાત લેવા માટે ખેડુતોને મજબુર કરી ખાતર વેચતા હોવાની ઘટના સામે આવી છે. જેની અંદર અરવલ્લી જિલ્લા કિસાન મોરચાના મંત્રી જયદીપસિંહ રાઠોડ ના કહેવા પ્રમાણે ખાતર ઉંચા ભાવે વેચાતુ જાણવા મળતા તરત જ તેઓ તેમજ સંગઠનના કાર્યકર પટેલ કલ્પેશભાઈ ઉર્ફે મુન્નો ઘટનાસ્થળે પહોચ્યા હતા અને વેપારીને યુરીયા ખાતર બાબતે સવાલો કર્યા હતા. સવાલનો સામનો કરી વેપારીએ જણાવ્યુ હતુ કે કંપની અન્ય ખાતર સાથે આપે છે અને આ અન્ય ખાતર ફરજીયાત લેવુ પડતુ હોય છે જેના કારણે વહેંચવુ પડતુ હોય છે, નહીતર અમને પોશાતુ નથી તેવુ જાણવા મળ્યુ હતું. વેપારીએ કેટલીક યુરીયા બેગ ૫૦૦ રૂપીયે વહેંચી નાખી હોવાની પણ વાત બહાર આવી હતી. ખાતર લેવા માટે આવેલા ખેડુતોએ આખરે હલ્લાબોલ કરતા વેપારીએ ખાતર વેચવાનુ બંધ કરી દુકાન બંધ કરી દીધી હતી. પરંતુ જે પ્રકારે એવો કોઈ નિયમ નથી કે યુરીયા ખાતર સાથે અન્ય ખાતર ફરજીયાત લેવુ, છતાં વેપારીઓ ખેડુતોને અન્ય ખાતર લેવા મજબુર કરે છે. છતાં ખેતીવાડી વિભાગ હાથ ઉપર હાથ મુકી બેસી રહ્યુ હોય તેવો અરવલ્લી જિલ્લામાં ઘાટ સર્જાયો છે અને લુંટી રહેલા વેપારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. હાલ ખેડુતો યુરીયા ખાતર લેવા માટે વલખા મારી રહ્યા છે.

# મોદી સ્ટેડીયમ નજીક ડીમોલીશનઃ પોલીસ બંદોબસ્ત સાથે મોટેરા આજુબાજુના મકાનો તોડવાનુ શરૂઃ બળદેવનગરના ૧૫ મકાનો તોડી પડાયા




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

કોમનવેલ્થ ગેમ્સની યજમાની અમદાવાદમાં થવા જઈ રહી છે, ત્યારે શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડીયમની બાજુમાંથી પસાર થનારા ટીપી રોડ ને ખોલવાની કામગીરી મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા આજે ૨૯ નવેમ્બર ના રોજ શરૂ કરવામાં આવી છે. મોટેરા વિસ્તારમાં બળદેવનગરમાં આવેલા મકાનોને તોડવાની કામગીરી વહેલી સવાર થી શરૂ કરવામાં આવી હતી.

સાબરમતી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મ્યુનિસીપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા ડીમોલીશન કરવામાં આવ્યુ હતું. મોટેરા બળદેવનગરના ૨૯ જેટલા મકાનો ટીપી રોડમાં આવતા હોવાના પગલે મ્યુનિસીપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા તેઓને નોટીસ આપીને ખાલી કરવા માટેની સુચના આપવામાં આવી હતી. છતાં પણ રહીશો દ્વારા મકાન ખાલી કરવામાં આવ્યા ન હતા. હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને હાઈકોર્ટે નકારી દીધી હતી, સાંજ સુધીમાં ૨૯ મકાનો ધ્વસ્ત કરી દેવામાં આવ્યા હતા. સાબરમતી વિસ્તારમાંથી પસાર થતા ૨૪ મીટર પહોળાઈનો ટીપી રસ્તો ખુલ્લો કરવામાં આવશે. આ ટીપી રોડ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પાસે કોમનવેલ્થ ગેમ્સ માટે બનનારા એક વાટીક સ્ટેડીયમ નજીક ખુલશે, આ રોડ પરથી સીધા એકવેટીક સ્ટેડીયમ તરફ જઈ શકાશે, જેથી આ રોડને ખુલ્લો કરવો જરૂરી હોવાથી મ્યુનિસીપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા રહેણાંક તથા કોર્મશીયલ પ્રકારના મળી કુલ ૨૯ જેટલા દબાણો દુર કરવાની કામગીરી શરૂ કરી છે. આગામી કોમનવેલ્થ ગેમ્સ ને લઈને અમદાવાદ શહેરને સ્પોર્ટસ સીટી બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડીયમની પાછળ કરોડો રૂપીયાના ખર્ચે નવુ એસવીપી એન્કલેવ બનાવવાનુ છે, ત્યારે આજુબાજુના વિસ્તારને પણ ડેવલપ કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે.

નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પાસે આવેલા બળદેવનગર પાસેથી ટીપી રોડ ખોલવાની કામગીરી મ્યુનિસીપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન દ્વારા કરવામાં આવી છે. અચેર ડેપો થી ટીપી રોડ સીધો ટોરેન્ટ પાવર પાસે ખુલે છે, ટીપી રોડમાં સાબરમતી બળદેવનગર વિસ્તાર અને સુભાષનગર વિસ્તારના કેટલાક મકાનોનો સમાવેશ થાય છે. મ્યુનિસીપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સ્ટાફ સાથે આજે ૨૯ નવેમ્બરે વહેલી સવાર થી ૪ હિટાચી મશીન, ૨ જેસીબી અને મજુરો સાથે ડીમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વહેલી સવારે જે પણ રહીશો હતા તે તમામ રહીશોના મકાનો ખાલી કરાવી દેવામાં આવ્યા હતા. મકાનો ખાલી કરાવ્યા બાદ એસ્ટેટ વિભાગ દ્વારા ડીમોલીશન શરૂ કરવામાં આવ્યુ હતુ. સવાર થી ૧૫ જેટલા મકાનો મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા ડીમોલીશન કરી દેવામાં આવ્યા હતા. શનિવાર સાંજ સુધીમાં તમામ ૨૯ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા.

# ચિંતન શિબિરના અંતિમ દિવસેઃ રાજયના શ્રેષ્ઠ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને મુખ્યમંત્રીએ પુરસ્કાર એનાયત કર્યા




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ધરમપુર શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાયેલી ત્રિદિવસીય ૧૨ મી ચિંતન શિબિરના સમાપન દિવસે વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૫ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રશાસનિક સેવા બદલ ૪ સનદી અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ પુરસ્કાર આપ્યા હતા,

રાજય માહિતી આયોગે જણાવ્યુ હતુ કે જે સનદી અધિકારીઓને આ કર્મયોગી સન્માન મળ્યુ તેમાં વલસાડના તત્કાલીન કલેકટર નૈમેષ દવે, પાટણના તત્કાલીન કલેકટર અરવિંદ વી, મોરબીના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી જે એસ પ્રજાપતિ અને આણંદના તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપના નો સમાવેશ થાય છે. આ પુરસ્કાર અંતર્ગત પ્રત્યેકને રૂપીયા ૫૧ હજારનો રોકડ પુરસ્કાર અને જે જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરતા હોય તે જિલ્લાના વિકાસ માટે રૂપીયા ૪૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવી હતી. વહિવટમાં આધુનિક ઉપકરણોનો ઉપયોગ, નવીનતમ યોજનાઓ-કાર્યક્રમ અને અન્ય માપદંડોને ધ્યાનમાં રાખીને સીએમ ડેશબોર્ડ અંતર્ગત આવરી લેવાયેલ ના આધારે રાજયના વહિવટમાં ગતિશીલતા લાવવા અને શ્રેષ્ઠ કામગીરી બજાવતા જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૦૫ થી જિલ્લા કલેકટર / જિલ્લા વિકાસ અધિકારીઓને કર્મયોગી પુરસ્કાર આપવાની યોજના શરૂ કરવામાં આવેલી છે.

આ યોજના અંતર્ગત જિલ્લા કલેકટરો માટે ૮૧ કેપીઆઈ તથા જિલ્લા વિકાસ અધિકારીઓ માટે ૭૩ કેપીઆઈ નકકી કરવામાં આવ્યા છે. આ યોજનામાં શ્રેષ્ઠ જિલ્લા કલેકટર / શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારીઓ માટે કુલ ૧૦૦ ગુણમાંથી વિભાગો તથા મુખ્ય સચિવ દ્વારા તેઓની કામગીરીના મુલ્યાંકનના આધારે રાજય સરકારને જે ભલામણો કરાય તેના આધારે આ પુરસ્કારો એનાયત કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૧૫ લાખ થી વધુ વસ્તી અને મ્યુનિસીપલ કોર્પોરેશનનો વિસ્તાર ધરાવતા જિલ્લા અને ૧૫ લાખ સુધીની વસ્તી ધરાવતા એમ બે કેટેગરીમાં પુરસ્કાર આપવામાં આવે છે. ૧૨ મી ચિંતન શિબિરના સમાપન દિવસે દરેક કેટેગરીમાં ૨ કલેકટર અને ૨ જિલ્લા વિકાસ અધિકારી મળી ૪ સનદી અધિકારીઓને વર્ષ ૨૦૨૪-૨૫ માટેના પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

### વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ દારૂ-ડ્રગ્સ મુદ્દે હેલ્પ લાઈન શરૂ કરવાની કરી જાહેરાત

# દારૂ ડ્રગ્સ વિરોધી અભિયાનમાં જિગ્નેશ મેવાણીનો ફરી આરપારનો સ્વરઃ પટ્ટા ઉતારવાના નિવેદન પર અડગ રહેવાનુ જાહેર



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આજે અમદાવાદના કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી સ્પષ્ટ કહ્યુ હતુ કે પોલીસના પટ્ટા ઉતારવા અંગે આપેલ નિવેદનથી તેઓ આજે પણ પાછા હટયા નથી. દારૂ અને જુગાર જેવી ગેર કાનુની પ્રવૃત્તિઓ સામે લડવા કોંગ્રેસ ટુંક સમયમાં જાહેર હેલ્પ લાઈન રજુ કરશે એવુ પણ જણાવ્યુ હતું. લોકોએ સોશીયલ મીડીયા પર સંબંધીત વિડીયો જાહેર કરવા અપીલ કરી અને અભિયાનને વધુ જનસમર્થન મળવાની અપેક્ષા પણ વ્યકત કરી.

મેવાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે રાજયના ૩૩ જિલ્લામાં દારૂના ઠેકાણા, કુટણખાના અને ડ્રગ્સના નેટવર્ક ખુલ્લેઆમ ચાલે છે, જે તંત્રની મીલીભગતનો સંકેત આપે છે, એક ફેકટરીમાંથી ડ્રગ્સ ઉત્પાદન ઝડપાતા તેની ગંભીરતા વધુ સ્પષ્ટ થઈ છે. તેમના મતે લોકોના આરોગ્ય અને યુવા વર્ગના ભવિષ્ય સાથે રમાતી આ પરીસ્થિતિ પર સરકારને જવાબદાર બનાવવુ અનિવાર્ય છે. તેમણે દાવો કર્યો હતો કે સત્રમાં સાચા આંકડા રજુ નથી થતા, તેથી સરકારને વ્હાઈટ પેપર જાહેર કરવુ જોઈએ, દરીયાકાંઠાથી ૬૪ હજાર કરોડના ડ્રગ્સ પકડાયા હોવા છતાં ભ્રષ્ટ અધિકારીઓના નામ જાહેર ન થવા અંગે પ્રશ્ન ઉઠાવ્યો, શાળાઓ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રગ્સ વેચાઈ રહ્યુ છે, છતાં સરકાર ચિંતન શિબિરમાં વ્યસ્ત છે. એવી ટીકા પણ કરી, તેમણે સી એમ અને ડેપ્યુટી સીએમના વિસ્તારોમાં પણ ગેરકાયદે વેચાણ ચાલતુ હોવાનો આક્ષેપ કર્યો હતો.

મેવાણીએ પુછયુ કે ફકત કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ સામે જ કાર્યવાહી કેમ થાય છે ? ઉચ્ચ અધિકારીઓને કેમ પ્રશ્ન ન પુછાય, પોલીસ યુનિયનની ન્યાય સંગત માંગણીઓમાં તેઓ સાથ આપશે એવુ પણ મેવાણીએ કહ્યુ હતું. પરંતુ ગેરકાયદે વેપારમાં સંડોવાયેલા કર્મચારીઓ પર પટ્ટા ઉતારવાની વાતને ફરી મજબુતીથી દોહરાવી, સરકારના પ્રતિસાદમાં તેમના નામ વિના નિવેદનો આવ્યા છતાં દારૂ ડ્રગ્સ અટકાવવાના સ્પષ્ટ વચન ન મળ્યા નુ પણ તેમણે આંગળી ઉંચાવી, મેવાણીએ ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યુ હતુ કે રાજયના ડીજીપી દારૂ ડ્રગ્સના અડ્ડા બંધ કરી બતાવે, કોંગ્રેસ ટુંક સમયમાં ફરીયાદો માટે હેલ્પ લાઈન શરૂ કરશે અને સરકારની બ્લુ પ્રિન્ટ જનતાને સામે મુકવી ફરજીયાત હોવાનુ કહ્યુ હતુ, તેમણે પોલીસ કર્મચારીઓ માટે ગ્રેડ પે વધારવાની માંગણી પર કરી, આ મુદ્દે આમ આદમી પાર્ટીએ પણ મેવાણીનુ સમર્થન દર્શાવ્યુ હતું. આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવીએ પણ જણાવ્યુ હતુ કે મેવાણીનુ સ્ટેન્ડ યોગ્ય છે અને કોંગ્રેસના આ મુદ્દાને તેઓ ટેકો આપે છે. તેમના જણાવ્યા પ્રમાણે ભાજપ નાના કર્મચારીઓને મેદાનમાં ઉતારે છે. જયારે ઉચ્ચ સ્તરની જવાબદારીને જોખમમાં મુકવામાં નથી આવતી, આ રાજકીય ગરમાવો આગામી દિવસોમાં વધુ તેજ બનશે તે નકકી છે.

# રાજકોટમાં માત્ર ભાજપના મતદારોને જ પકડીને એસઆઈઆર ફોર્મ ભરાવજો




પ્રતિનિધિ,ગાંધીનગર

મતદાર યાદીને લગતી એસઆઈઆર ની કામગીરીનો તારીખ ૨૯ અને ૩૦ ના રોજ વધુ એક રાઉન્ડ છે, આ દરમિયાન ભાજપના અનેક ગૃપમાં ફકત સમર્થક મતદારોના જ ફોર્મ જમા કરાવવાની મદદ કરવાનો મેસેજ વહેતો કરવામાં આવતા કોંગ્રેસે તેના સ્ક્રીનશોર્ટ પાડી ને વિપક્ષને ખતમ કરવાની સુચના સાથે સરખાવ્યુ છે, જુદા જુદા વોર્ડમાં તારીખ ૨૯ અને ૩૦ ના રોજ બીએલઓની સ્પેશયલ ડ્રાઈવ દરેક બુથ પર રાખવામાં આવી છે.

કોંગ્રેસ સેવાદળના મંત્રી રણજીત મુંધવા અને નિલેશ ગોહિલે આ અંગે એક નિવેદનમાં જણાવ્યુ હતુ કે ભાજપનુ સત્તામાં આવવા માટેનુ ષડયંત્ર અને વિપક્ષોને ખતમ કરવાની આ કામગીરી છે, ભાજપની કમીટેડ વોટર અને સમર્થકના નામ ન કપાય અને વિપક્ષના જે વોટર છે એમના નામ કમી કરી માત્ર ભાજપના મતદારો રહે અને વન સાઈડ જીત થાય એ હેતુથી ભારતીય જનતા પાર્ટી વોર્ડ વાઈઝ બીએલઓ સમકક્ષ કાર્યકરોની ટીમ બનાવી વોર્ડમાં સરકારના વિરોધી મતદારોને પકડી પકડી કમી કરાવવા, ભાજપના સમર્થકના નામ જરા પણ કમી ન થાય તે પ્રકારે કામ કરવાના હોય તેવુ લાગે છે. નામ કમી ન કરવાની ભલામણો અધિકારીઓને કાર્યકરો કરતા રહે છે. આવુ અનેકવાર ધ્યાનમાં આવ્યુ છે. સરકારી કર્મચારી તેમાં મદદ કરશે તો કોંગ્રેસ કોર્ટમાં જશે,

કોંગ્રેસ આ કામગીરી બાદ જાતે ખરાઈ કરવાની છે જેની અધિકારીઓએ પણ નોંધ લેવા જણાવ્યુ છે, એક ગૃપનો મેસેજ તેઓએ મુકીને માત્ર ભાજપના સમર્થકોના ફોર્મ ભરવાની કામગીરીમાં કાર્યકરોને પોતપોતાના બુથ કેન્દ્રોમાં સક્રિય રહેવા સુચના આપ્યાનુ પણ જણાવ્યુ હતું.

# પંચાયતી રાજ સંસ્થાઓ માટે રૂ.૭૪૧.૯૦ કરોડ ની ફાળવણી કરતી રાજય સરકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના ગ્રામીણ વિસ્તારોમાં વસતા નાગરીકોને પાયાની અને આવશ્યક સેવાઓ સતત અને સરળતાથી પ્રાપ્ત થતી રહે તે સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળની ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારે ૧૫ માં નાણાંપંચની ભલામણો મુજબ બીજા હપ્તા હેઠળ પંચાયતી રાજ સંસ્થાઓને કુલ રૂપીયા ૭૪૧.૯૦ કરોડની માતબર રકમની ફાળવણી કરી છે. પંચાયત મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે ૧૫ માં નાણાંપંચ હેઠળ આ વ્યાપક ફાળવણીનો મુખ્ય હેતુ રાજયના ગ્રામીણ માળખાને વધુ મજબુત બનાવવાનો અને ગ્રામીણ નાગરીકોના જીવન ધોરણમાં સુધારો લાવવાનો છે. આ કુલ ફાળવણીને પંચાયતી રાજના ત્રણેય સ્તરો વચ્ચે રેશીયો મજબુત વહેંચવામાં આવ્યો છે આ વહેંચણી મુજબ ગ્રામ પંચાયતોને ૭૦ ટકા લેખે રૂપીયા ૫૨૯.૩૩ કરોડ, તાલુકા પંચાયતોને ૨૦ ટકા લેખે રૂપીયા ૧૪૮.૩૮ કરોડ, જિલ્લા પંચાયતોને ૧૦ ટકા લેખે રૂપીયા ૭૪.૧૯ કરોડ ફાળવવામાં આવ્યા છે.

પંચાયત મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ ફાળવણીના આધારે સમગ્ર રાજયના ગ્રામીણ વિસ્તારોમાં આશરે ૪૫ હજાર થી વધુ વિકાસ કામો હાથ ધરવામાં આવશે, આ કામોમાં પીવાના પાણીની સુવિધાઓ, સ્વચ્છતાના કાર્યોનો સમાવેશ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૧૫ માં નાણાંપંચ અંતર્ગત ગ્રામીણ વિકાસ માટે છેલ્લા એક વરસ દરમિયાન કુલ રૂપીયા ૨૬૧૯ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ટાઈડ ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂપીયા ૮૨૯.૫૦ કરોડ અને દ્વિતિય હપ્તા પેટે રૂપીયા ૭૪૧.૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

# અમદાવાદમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આગામી ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ માંજા, ગ્લાસ કોટેડ થ્રેડ, સિન્થેટીક કોટિંગ સાથેની પ્લાસ્ટિક દોરી અને નાયલોન દોરીના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ત્યારે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે કાલુપુર ખાતે આવેલ એમ.એસ. શોપિંગ સેન્ટરમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક આરોપી ઝડપાયો છે અને મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન બાતમીના આધારે, કાલુપુર ટાવર પાસે આવેલા એમ.એસ. શોપિંગ સેન્ટરની દુકાન નંબર ૧૨, પહેલા માળે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે આ સ્થળેથી પ્રતિક ઉર્ફે લાલો કંસારાને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી કબજે કરવામાં આવેલા મુદ્દામાલમાં સફેદ પ્લાસ્ટિક લપેટેલા ૧૩ બોક્સમાંથી કુલ ૪૯૨ નંગ ચાઈનીઝ દોરીની રીલ મળી આવી હતી. જપ્ત કરાયેલા આ જથ્થાની કુલ કિંમત ૧,૨૩,૦૦૦ રૂપિયા છે. આરોપી પ્રતિક સામે ડી.સી.બી. પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હવે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે કે આરોપીએ આ ચાઈનીઝ દોરીનો જથ્થો ક્યાંથી મંગાવ્યો હતો અને તે કોને વેચાણ કરવાના ઈરાદે રાખવામાં આવ્યો હતો.